સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

દેખાડા માટે 'રેવા' નો ઉપયોગ કર્યા કરો!
અને પ્રચારનાં છીછરાં પાણીમાં તર્યા કરો!
ભર્યા કરો 'સરદાર' સરોવર શોભા માટે -
ભરી લ્યો તરભાણું, ખેડૂતો તમે મર્યા કરો!!
('નર્મદા' - દુરુપયોગ)

હાઈકુ

દંભમાં તર્યા,
દેખાડો ડૂબાડશે -
હવે તો જાગો !

ઉડ્યા છો બહુ!
હવે જમીન પર -
પગ તો મૂકો !!

ચિંતન

પશુ કી તો પનિયાં ભઈ, નર કા કછું ન હોય,
જો ઉત્તર કરની કરે (તો) નર નારાયણ હોય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આ સાખીમાં કબીર દેહની નિરુપયોગિતા વિષે વાત કરતાં કહે છે કે મનુષ્યો જીવનપર્યંત પોતાના દેહની કેટલી કાળજી રાખે છે! તેનું કેટલું જતન કરે છે! પણ એ દેહ કશા કામમાં આવતો નથી. એના કરતાં તો જાનવરોનો દેહ કેટલો ઉપયોગી થાય છે. પશુની ચામડી જોડા ચપ્પલ વગેરે બનાવવામાં કામ આવે છે. એરીતે જોતાં નરદેહ સાવ નકામો છે. તેની નિયતી તો છેવટો માટીમાં મળી જવાની જ છે. પરંતુ કબીર બીજા એક વાત કહે છે કે પોતાના આયુષ્ય દરમિયાન મનુષ્ય જો ઉત્તમ કરણી કરે, સદ્કાર્યો કરે તો નરમાંથી નારાયણ બની શકે છે.

સુવિચાર

- ગમ તો જનાબ ફુર્સત કા શૌક હૈ, ખુશી મેં વક્ત હી કહાં મિલતા હૈ - **સલીમ શેખ**
- મજબુરીમાં પહેલી લે છે, પછી મૂકે ઉતારી, હેલ્મેટ જેવી થઈ ગઈ છે સંબંધોની સવારી - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર જો બોલતો થાય તો સૌથી પહેલો વાંધો તેના ભક્તો ને જ પડે ! મૌન મૂર્તિ ઘણા સંબંધો ને સાચવીને બેઠી છે - **ડો. વીજળીવાળા**
- મોટા ભાગે આપણો મૂળભૂત પ્રોબ્લેમ એ જ હોય છે કે સર્વગુણ સંપન્ન અને તું અવગુણ સંપન્ન - **અમૃતબિંદુ**
- કુનેહ એનું નામ કે સામા માણસને વીજળીનો ચમકારો આપણે બતાવી શકીએ, પણ એનો આંચકો ન લાગવા દઈએ - **આર.જે. કાર્તિક**
- ઉપવાસ હંમેશા અનાજનો જ શા માટે ? કયારેક લોભ, લાલચ, ખોટું, ક્રોધ અને કુવિચારોનો પણ હોવો જોઈએ - **ભીખુદાન ગઢવી**
- આજનું ઔષધ : અંકોલના પાનને તલ સાથે પીસી તેમાં દહીં મેળવીને ખાવાથી પેશાબ છુટથી થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુરુ નાનકને એક સૂફી ફકીરે પૂછ્યું, 'તમે ફકીર થઈને ગૃહસ્થો જેવા કપડાં કેમ પહેરો છો અને સંન્યાસીની જેમ માથે મુંડન કેમ નથી કરાવ્યું?' મુંડન તો મનનું કરવું જોઈએ, માથાનું નહીં એને માટીની જેમ નમ્ર થઈને પણ મનનું મુંડન થઈ શકે છે. જે માણસ પરમેશ્વર પાસે જવા પોતાના સુખ, સ્વાદ અને અહંકારને ત્યાગીને નીકળે તે જે પણ વસ્ત્ર ધારણ કરે, પરમાત્મા તેનો સ્વીકાર કરે છે. જે કોઈ મન જીતી લે, સુખ, દુઃખમાં સમાન રહે અને દરેક સમયે સહજ અવસ્થામાં રહે, તેના માટે દરેક પ્રકારનો વેશ શોભનીય છે. સૂફી એ પૂછ્યું 'તમારી જાતિ કઈ છે, તમારો મત શો છે, તમારું ગુજરાન કરી રીતે ચાલે છે?' ગુરુ નાનકે કહ્યું, 'મારો મત છે સત્યમાર્ગ, મારી જાતિ એ જ છે કે જે અગ્નિ અને વાયુની છે, જે શત્રુ-મિત્રને એક સમાન સમજે છે. મારું જીવન વૃક્ષ અને ધરતીની જેમ છે. નદીની જેમ મને એ વાતની ચિંતા નથી કે મારા પર કોઈ ધૂળ ફેંકે છે કે ફુલ અને હું જીવિત તેને જ માનું છું, જેનું જીવન ચંદન સમાન બીજા માટે ઘસાઈને સંસારમાં પોતાની સુગંધ ફેલાવી રહ્યું છે.' સૂફી ફકીરે પૂછ્યું, 'દરવેશ કોણ છે?' નાનકે કહ્યું, જે જીવતે જીવ મારી જેમ અવિચલ રહે, જાગતી વખતે સૂતેલો રહે, જાણી જોઈને પોતાને લૂંટાવતો રહે, 'ન સ્વયં દુઃખી હોય ના કોઈને દુઃખ દે, જે હંમેશા ઈશ્વરમાં મગ્ન રહે અને એ જ સાંભળે જે તેની અંદરથી ઈશ્વર બોલે અને જે એ જ અંતર્યામી પરમાત્માને દરેકમાં જોવે.' સૂફી ફકીરે ચર્ચા પૂરી કરી ગુરુનાનકને વંદન કર્યા.

ઊજળા ભવિષ્યની એંધાણી

તંત્રીસ્થાનેથી...

ત્રણે હિંદીભાષી રાજયોમાં ભાજપ પાસેથી સત્તા આંચકી લેવામાં સફળ કોંગ્રેસની શરુઆત પ્રજા માટે આશાસ્પદ રહી છે. જે મહત્ત્વના મુદ્દાઓ પર કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી એમના પ્રચાર અભિયાનમાં વધુમાં વધુ ભાર દેતા રહ્યા હતા તેમાં ખેડૂતોનાં દેવાં માફ કરવાનું વચન સૌથી અસરકારક નીવડ્યું છે. ત્રણે હિંદી ભાષી પ્રદેશી ખેતીપ્રધાન રાજયો હોઈ એમનો સૌથી મોટો મતદાતા સમુદાય ખેડૂત વર્ગ છે. રાહુલ ગાંધીએ બે ખાસ વર્ગોને નજર સમક્ષ રાખ્યા હતા : ખેડૂતો અને યુવાનો, ખેડૂતોની બેંક લોન માફ કરવાનું સાહસ ભારતીય જનતા પાર્ટી નહોતી કરી શકી. એથી ઊલટાની એની છાપ વિજય માલ્યા અને નીરવ મોદી કે મહેલુ ચોકસી જેવા બેંક ડિફોલ્ટરોની તરફદારી કરનારી પાર્ટી તરીકે ઊપસતી રહી છે. વિજય માલ્યા નવ હજાર કરોડમાં દેશને નવડાવી ને પરદેશ ભાગી ગયો એ પહેલાં એણે નાણાંમંત્રી અરુણ જેટલી સાથે મસલત કરી હોવાનું પણ છાનું નથી રહ્યું. છેલ્લે ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તો માલ્યાને એક તક આપવી જોઈએ એવું જાહેર નિવેદન કરી ભાજપની આવા દેશદ્રોહી તત્ત્વો સાથેની ઘનિષ્ઠતાની જ પ્રતીતિ કરાવી દીધી છે. ખેડૂત માટે ઉપર આભ અને નીચે ધરતી જેવી દારુણ પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે બેંકોની પઠાણી ઉઘરાણીને કારણે આખરે મોત વહાલું કરવા સિવાય બીજો રસ્તો જ ન બચ્યો હોય એ જાણતા હોવા છતાં ભાજપની નેતાઓના પેટનું પાણી નહોતું હાલતું. એમને તો બસ ખેડૂતોના રાષ્ટ્રીય નેતા સરદાર વલ્લભભાઈ પટેલની આભ ઊંચેરી પ્રતિભા ઊચીકરી દઈ ખેડૂતોના વોટ અંકે કરી લેવા હતા. સામે પક્ષે કોંગ્રેસે પરિસ્થિતિનો તાગ પામી જઈ ખેડૂતોનાં દેવાં માફ કરવાનું વચન આપી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો હતો. આથી હિંદુત્વ અને વિકાસ સહિતના મોદી પ્રેરિત મુદ્દાઓને મતદાતાઓએ નજર અંદાજ કરી ભાજપને બોધપાઠ ભણાવવામાં શાણપણ જોયું. ત્રણે રાજયોમાં ભાજપને બિસ્તરાં પોટલાં બાંધવા પડ્યાં અને કોંગ્રેસના મુખ્યમંત્રીઓનો શપથવિધિ પણ ભાજપના રાજયપાલોના વરદ હસ્તે જ યોજાયો. મધ્યપ્રદેશ તો દેશનું હૃદયસ્થાન છે. ગ્વાલિયરના રાજવંશી જયોતિરાદિત્ય સિંધિયાએ ગરિમાપૂર્વક નાયબ મુખ્યમંત્રી પદની ઑફર નકારી કાઢી પણ રાજેશ પાઈલટના સુપુત્ર સચીન પાઈલટે રાજસ્થાનના એમના કાર્યકરોની લાગણીને માન આપીને પદ મનેકમને સ્વીકારી લીધું છે. અશોક ગહલોત મારવાડના ગાંધી તરીકેની ઊજળી ઈમેજ ધરાવતા પીઢ નેતા છે. કમલનાથની જેમ એમણે પણ ખેડૂતોનાં બે લાખ સુધીનાં દેવા રાઈટ ઓફ કરી દેવાની ફાઈલ પર સહી કરી દીધી છે. છત્તીસગઢનાં મુખ્યમંત્રી બઘેલ પણ એમના સિનિયર મુખ્યમંત્રીઓને જ અનુસરશે. આગામી લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસી મુખ્યમંત્રીઓનું આ ત્વરિત વચનપાલન ખેડૂત વર્ગમાં પોઝિટિવ મેસેજ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. કમલનાથ વિરુદ્ધ શીખોના નરસંહારનો મુદ્દો ઉપસ્થિત કરી જેટલી હવાતિયાં મારી રહ્યાં છે. જેટલીને ખબર નથી કે તેઓ પોતે મોદી અને ભાજપ માટે અસ્કામત મટીને મસમોટી જવાબદારી બની ચૂક્યા છે. કોંગ્રેસના મુખ્યમંત્રીઓના આગામી સમયમાં રાજકીય સ્તરે ભાજપ વિરુદ્ધ થનાર મહાગઠબંધનના સંકેતો પણ પાઠવી દીધા છે. હા, ઉત્તર પ્રદેશ પૂરતો ડખો ચાલુ રહેવાની સંભાવના નકારી શકાય એમ નથી. છતાં એટલું તો નક્કી કે શપથવિધિથી અંતર રાખનારા અખિલેશ અને માયાવતીને પણ ભાજપની વિરુદ્ધ લડીને જ બેસવું પડશે. સવાલ આખરે સેક્લુલર વિચારસરણીનો છે.

તું તારી દીકરીના લગ્ન પેલા છોકરા સાથે કરી દે

નવાં કલેવર
નટવર હેડાઉ

'તેનું તો ગળું દબાવી દઈશ, તને પણ નહીં છોડું, પ્રેમનું ભૂત પળભરમાં નીકળી જશે...' અર્જુન સિંહની આંખોમાં લોહી ઊતરી આવ્યું, ચહેરો રાતોપીળો થઈ ગયો. ગુસ્સો જાણે આસમાને પહોંચી ગયો.

'આને જો ઘરની બહાર જવા દીધી છે તો તારી ખેર નથી...' અર્જુન સિંહની પત્ની તો સ્તબ્ધ થઈ ગઈ. હવે શું થશે એ વિચારે ધ્રુજવા લાગી.

'નસીબની ફૂટેલી તને બીજો કોઈ ન મળ્યો. નાત-જાતનું ય ભાન રહ્યું કે વસાવાનું ઓઘર વસાવવા નીકળી.' તારી તો બુદ્ધિ જ ફરી ગઈ છે. તને કૉલેજમાં એ માટે મોકલી હતી...'માતાએ ગુસ્સામાં તેનો ચોટલો પકડી ખેંચી.'

'મમ્મી, પણ સાંભળ તો ખરી...'

'મોઢું' બંધ રાખ, ખબરદાર જો ઘરની બહાર પગ મૂક્યો છે તો...' માં તેને બીજા ઓરડામાં લઈ ગઈ. તે રડતી હતી અને પોતાની વાત કહેવા માંગતી હતી પણ સાંભળવા કોઈ તૈયાર ન હતું. યુવાનીનો એવો સમય છે જેમાં ગમે ત્યાં ફુંડાળામાં પગ પડી જવાની શક્યતા રહે છે. દીકરીનું ખૂબ ધ્યાન રાખવું જોઈએ. તે કયાં જાય છે ? શું કરે છે? મોબાઈલ પર આખો દિવસ કોની સાથે ચેટીંગ કરે છે તેનું ધ્યાન ન રાખવામાં આવે તો આજના જમાનામાં કંઈ પણ થઈ શકે છે અને અહીં પણ એવું જ કંઈક બની ગયું હતું.

અર્જુનસિંહ બેઠક રૂમમાં ધુવાપુવા થતા બેઠા હતા. નોકરે આવીને પાણીનો ગ્લાસ ટીપોય પર મુક્યો. તો તેના પર ગુસ્સે થઈ તેણે પણ ભગાડી દીધો. શું કરવું તેની અસંમજશમાં તે બેચેની અનુભવી રહ્યા હતા. છેવટે તેમને ફોન ઉપાડ્યો.

'કોને ફોન કરો છો ?'

'ગુરુજી ને...'

'પણ કેમ ?'

'તું તારી કચ કચ બંધ કર અને રસોડામાં જઈ કંઈક બનાવ...'

●●●

થોડા કલાક બાદ પ્રણાણ ગુરુજી, તમારી મોટી મહેરબાની કે મેં બોલાવ્યા ને આપ...'

'અર્જુન એવું તે શું થયું ? આશ્રમે આવી જવું હતું ને...'

'એમાં એવું છે કે બધાની સામે એ વાતો કરવાનું મુશ્કેલ બને તેમ હતું...' અને પછી બધી વાત વિગતવાર કરી નાંખી.

દીકરા વાત તો ગંભીર છે. જુવાન દીકરી છે. જબરજસ્તી કરીને કદાચ તું લગ્ન કરાવી નાંખીશ તો પણ કાલે શું થાય તેની શું ખબર પડે.'

'તું આ વખતે ચૂંટણી લડી રહ્યો છે ને ?'

'લડું તો છું, પણ ગયા બે વખતની જેમ હારી ન જાઉં તો...'

'એક વાત કર, તારા વિસ્તારમાં કઈ જાતિના લોકો વધુ છે?'

'ગુરુજી, વધારે પડતા તો વસાવા કોમ જ છે.'

'તું તારી દીકરીના લગ્ન પેલા છોકરા સાથે કરી દે.'

'આ તમે શું કહી રહ્યા છો?'

'જે કહું છું તે સાંભળ અને લગ્ન કરી નાંખ. પછી જો ચમત્કાર આ ગુરુમંત્રનો' ગુરુજીના ચહેરા પર વિજયી સ્મીત છલકતું હતું.

ચૌદશીયાવૃતિ : પારકાના દુઃખે સુખી અને પારકાના સુખે દૂઃખી

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

amlani2000@yahoo.co.uk

વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતના અનેક પત્રોમાંથી ત્રણ પાત્રો ઊડી ને આંખે વળગે એવા છે. એ ત્રણેય પાત્રો એવા છે જે ક્યારેય કોઈનું સારું થતું હોય, કોઈ સુખી હોય તો એ જોઈ શકતા ન હતા તેમાયે ખાસ કરીને પાંડવોનું સુખ, પાંડવોની દ્રૌપદી જેવી સંસ્કારી અને સૌંદર્યવાન પત્ની, હસ્તિનાપુરના પ્રજાજનો દ્વારા પાંડવોની પ્રશંશા, ઈન્દ્રપ્રસ્થની જાહોજલાલી, રજાસૂયા યજ્ઞની સફળતા, સમગ્ર આર્યવર્તમાં પાંડવોની ખ્યાતિ અને પાંડવોનાં શ્રીકૃષ્ણ સાથેનાં ગાઢ સંબંધો જોઈને એ ત્રણેય પાત્રોનાં પેટમાં ચૂંક ઊપડતી. આ ત્રણેય પાત્રો એટલે દુર્યોધન, દૂઃશાસન અને શકુની. મહાભારતના આ ત્રણેય પાત્રો એટલા વિઘ્નસંતોષી હતા કે પાંડવોને સંતોષનો ઓડકાર આવતો તો પણ તેઓને ઊલટીઓ થતી.

આપની લોકબોલીઓ એટલી સમૃધ્ધ છે કે માણસના ગુણ, અવગુણ, લક્ષણો અને અપલક્ષણોને ધ્યાનમાં લઈને તેઓને વિશિષ્ટ શબ્દોમાં નવાજવામાં આવતા હોય છે અને તેઓ માટે લોકબોલીમાં રસપ્રદ શબ્દો બોલતા હોય છે. આવો જ એક શબ્દ છે જે ગુજરાતનાં ખેડા જીલ્લામાં ખૂબ જ પ્રચલિત છે. આ શબ્દ છે 'ચૌદશીયો'. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ આ શબ્દનો લોક-વ્યવહારમાં પ્રયોગ થતો હોય છે અને ખૂબ જ પ્રચલિત પણ છે. ચૌદશીયો એટલે વિઘ્ન સંતોષી. મહાભારતના એ ત્રણેય પાત્રોને તેઓના અવગુણો ધ્યાનમાં લઈને આપણે ચૌદશીયા જેવા પ્રચલિત શબ્દોથી નવાજી શકીએ.

આપણે કોઈ પણ ગામમાં, કોઈપણ મહોલ્લામાં, કોઈપણ સોસાયટી, કોઈપણ વિસ્તારમાં નજર દોડાવીએ તો એકાદ ચૌદશીયો તો મળી જ જાય. એ ગામ, મહોલ્લો, સોસાયટી, કે વિસ્તારમાં જો કોઈપણ પ્રકારની સારી ઘટના બને, કોઈ વ્યકિતનાં ઘરે સારો પ્રસંગ બને તો કોઈ બે વ્યક્તિ કે કુટુંબ વચ્ચે સારા સંબંધો જુવે તો એ ચૌદશીયાનાં પેટમાં ચૂંક ઊપડતી હોય છે. ચૌદશિયા લોકો કોઈનું સુખ જોઈ શકતા નથી તેમાયે ખાસ કરીને પોતાના મિત્રો, પાડોશીઓ કે સંબંધીઓનું સુખ જોઈને એ ચૌદશિયાની આંખોમાં જલન પેદા થતી હોય છે. આ પ્રકારના ચૌદશિયા માત્ર ગામ કે મહોલ્લામાં જ હોય છે એવું નથી, આપણે જ્યાં પણ આપણી નોકરી કે વ્યવસાય કરતાં હોઈએ ત્યાં પણ ચૌદશીયાઓની હાજરી હોય જ છે. અરે, ક્યારેક તો મુસાફરી દરમિયાન પણ આપણને ચૌદશિયા લોકો મળી જતાં હોય છે જે અન્ય મુસાફરોની સાનુકૂળ પરિસ્થિતી જોઈને પણ પોતાની ચૌદશિયા વૃતિ દેખાડી દેતાં હોય છે.

આ સમાજમાં આપણને ચાર પ્રકારની વ્યકિતઓ કહો કે ત્રણ પ્રકારનાં ભેજા જોવા મળતા હોય છે. એક પ્રકાર એવો કે જે પારકાનું સુખ જોઈને પોતે રાજી થતી હોય અને પારકાનું દુઃખ જોઈને વ્યક્તિ પોતે દુખી થતી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો પારકાના સુખે સુખી અને પારકાના દુઃખે દુઃખી થતાં હોય છે આ પહેલા પ્રકારની વ્યક્તિઓ. બીજા પ્રકારની વ્યક્તિ એવી કે જે પારકાનું દુઃખ જોઈને પોતે દુઃખી ના થાય પણ પારકાનું સુખ જોઈને તો પોતે રાજી થતી હોય છે. ત્રીજા પ્રકારની વ્યક્તિઓ એવી હોય છે જે બીજાનું દુઃખ જોઈને પોતે દુઃખી થાય પણ બીજાના સુખની તેઓને કોઈ અસર ના થાય. ચોથા પ્રકારની વ્યક્તિઓ એવી હોય છે કે જે પારકાનું દુઃખ જોઈને પોતે રાજી થતી હોય અને પારકાનું સુખ જોઈને પોતે દુઃખી થતી હોય છે. આ ચોથા પ્રકારની વ્યકિતઓ કે જેને આપણે ચૌદશીયા તરીકે ઓળખીએ છીએ. આ ચૌદશિયા લોકો પારકાનું સુખ ક્યારેય જોઈ શકતા નથી ઊલટાનું પારકાનું સુખ જોઈને પોતે દુઃખી થતાં હોય હોય છે.

વિઘ્નસંતોષી લોકોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેશણ કરીએ તો એ લોકો સતત અસાલમતીની લાગણી અનુભવતા હોય છે. સ્વભાવે ડરપોક હોય છે અને તેના ઉપર કોઈ સીધો હુમલો કરે તો કાયરની જેમ રણ છોડીને ભાગી જતાં પણ શરમાતા નથી. એમ પણ કહી શકીએ કે પોતાની સામે જ્યારે મોટા પડકારો કે મોટી મુશ્કેલીઓ સામે આવે છે ત્યારે હિમત હારીને પોતાની તલવારો મ્યાન કરતાં પણ સંકોચ અનુભવતા નથી.

વિઘ્નસંતોષી લોકો બોલ્યે બહુ 'ફોરા' હોય છે, મતલબ કે આખાબોલા હોય છે, બોલવામાં બેશરમ હોય છે. કોઈની ટીકા કરવામાં, કોઈની વિરુદ્ધ બોલવામાં કે કોઈને ઉતારી પાડવા માટે કોઈપણ પ્રકારનાં શબ્દો બોલવામાં તેઓને કોઈ જ પ્રકારની શરમ નડતી નથી હોતી. કદાચ આ પ્રકારના સ્વભાવને કારણે જ હસ્તિનાપુરની રાજસભામાં દુર્યોધન અને દૂઃશાસને ભરીસભામાં પિતામહ, ગુરુદ્રોણ, પિતા ધૃતરાષ્ટ્ર, વિદૂરજી અને વડીલોની ઉપસ્થિતિમાં દ્રોપદી સાથે બેહૂદુ વર્તન કર્યું હતું અને બેશરમ બની એક સામાન્ય વ્યકિતનાં મોમાં પણ ના શોભે એવા શબ્દો કૌરવકુળ ની કુળવધુને કહ્યા હતા.

ચૌદશિયા લોકોને અન્ય લોકો ઉપર અંકુશ રાખવો ગમતો હોય છે. તેઓની આસપાસ પોતાની પ્રાશનશા કરનારાઓનું, તેઓનું આંધળું અનુકરણ કરનારાઓનું વર્તુળ રચાયેલું જ હોય છે. તેઓને અન્ય લોકોનું શોષણ કરવું ગમતું હોય છે અને તેમાં તેઓને વિશિષ્ટ પ્રકારનો આનંદ મળતો હોય છે. અન્ય લોકોનું શોષણ કરવા માટે, ભાવાત્મક રીતે પરેશાન કરવા માટે તેઓ વિવિધ પ્રકારની, નવિન્યપૂર્ણ પણ કઢંગી અને ક્રૂર રીતો અપનાવતા હોય છે.

(ક્રમશઃ)

'શિવરંજની' આયોજિત 'મહેફિલે ખાસ' :
સદાબહાર ગુજરાતી-હિંદી ગઝલોની યાદગાર મધુર-મધુર પ્રસ્તુતિ

ટહૂકાર
પ્રકાશ લાલા

શિવરંજની, ગાંધીનગર એટલે નગરના સંગીતપ્રેમીઓની જાણીતી - માનીતી સંસ્થા... સંગીતના ઉત્તમકક્ષાના, વિવિધતાસભર કાર્યક્રમોથી રસલ્હાણ પીરસીને શિવરંજનીએ સંગીતરસિકોમાં ભારે ચાહના પ્રાપ્ત કરી છે. સુગમ સંગીત, લોકસંગીત, ભજનકીર્તન, ગુજરાતી-હિંદી ફિલ્મ સંગીત, ગઝલ કે કવ્વાલી - એમ હર પ્રકારના સંગીતના કાર્યક્રમો માટે નામી અને નવા કલાકારોને શોધી શોધીને આપણી સમક્ષ પ્રસ્તુત કરવાની શિવરંજનીની પરંપરા રહી છે.

આવી 'શિવરંજની' સંસ્થાએ સંગીતના વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની હારમાળાની પરંપરા અંતર્ગત તા. ૧૫મીની રાત્રે, ટાઉનહોલ ખાતે ગુજરાતી-હિંદી ગઝલો અને સુફી રચનાઓનો કાર્યક્રમ 'મહેફિલે ખાસ' રજૂ કર્યો. જેમાં ગાયક કલાકારો ડૉ. મિતાલી નાગ તથા ભાઈ તેજશ ધોળખીયાએ તેમની ગાયકી, ગઝલો - સુફી રચનાઓની પસંદગી અને પ્રસ્તુતી થકી 'મહેફિલ ખાસ' ને 'મહેફિલે મોજ' - 'મહેફિલે મસ્તી' બનાવી.

ડૉ. મિતાલી નાગ અને તેજશ ધોળકીયા - બંને કલાકારો આપણા માટે નવા જ હતા. 'શિવરંજની' એ પહેલીવાર એમને ખાસ નિમંત્ર્યા હતા. બંને કલાકારોએ 'ચૂપકે ચૂપકે રાતદિન આંસુ બહાના યાદ હૈ...' એ ગુલામ અલીની જાણીતી ગઝલને બ-ખૂબ રજૂ કરીને સાથે જ વચ્ચે એ જ રાગ દરબારીમાં કંપોઝ ગની દહીંવાલાની ગુજરાતી ગઝલ 'દિવસો જુલાઈના જાય છે... જે જશે જરૂર મિલન સુધી મારો હાથ ઝાલીને લઈ જશે મુઝે શત્રુઓ જ સ્વજન સુધી' સંભળાવી, વળી પાછા ગુલામ અલી સાહેબની મૂળ ગઝલ પર આવી જઈ સૌને ખુશ કરી દીધા હતા.

ફરી મિતાલીબહેને 'મહેફિલે ખાસ' ના આગળના દૌરમાં ચિત્રાસિંગે ગાયેલી ગઝલ 'સફર મેં ધૂપ તો હોગી ચલ શકો તો ચલો... યહાં કોઈ કિસી કો રાસ્તા નહીં દેતા, મુજે ગિરા કે અગર તુમ સંભળ શકો તો ચલો' રજૂ કરી તાળીઓ મેળવી હતી.

'તુમકો દેખા તો યે ખ્યાલ આયા, જિંદગી ધૂપ હૈ તુમ ઘના છાંયા...' એ જગજીતસિંહની ખૂબ જાણીતી ગઝલ તેજશભાઈના કંઠેથી સાંભળવી એટલી જ ગમી... ને પછી 'ચિઠ્ઠી ના કોઈ સંદેશ, જાને વાં કૌન સે દેશ જહાં તુમ ચલે ગયે...' પણ જમાવટ કરી ગઈ...

ગઝલ ગાનની વચ્ચે કોમ્પીઅર પરિશિ વર્મા દ્વારા ગઝલ ઈશ્વરની ઈબાદલત - પ્રેમ - દર્દની અભિવ્યક્તિ માટેની વિશે, અરેબિક માંથી આવેલા પોએટ્રીના આ મૂળ સ્વરુપના આપણે ત્યાં હિંદી - ગુજરાતીમાં ખેડાણ વિશે, મૂળ શાસ્ત્રીય સંગીતમાં સ્વરબદ્ધ થતી ગઝલો ફિલ્મ સંગીતમાં ઉપયોગ સાથે તેના કંપોઝીશન્સમાં આવેલા બદલાવ, સંગીતકાર મદનમોહનજી દ્વારા ગઝલના વ્યાપક પ્રયોગો વિશે કરેલી દિલચશ્પ વાતોએ 'મહેફિલે ખાસ'ને રસપ્રદ બનાવ્યો. (અલબત્ત, કયાંક કરાયેલી લાંબી વાત ટૂંકાવાઈ હોત તો બે-ચાર ગઝલો વધુ સાંભળવા મળત!!)

સંગીતકાર મદનમોહન દ્વારા સંગીતબદ્ધ કરાયેલ કલાસિકલ ટચવાળી, મર્મસ્પર્શી ગઝલ 'રસ્મે ઉલ્ફત કો નિભાયે તો નિભાયે કૈસે, હર તરફ આગ હૈ દામની કો બચાયેં તો બચાયેં કૈસે...' માં મિતાલી નાગની શાસ્ત્રીય સંગીત મયુરભાઈ દવેના સંગીત સંચાલનમાં દિલ દઈને ગાયું - માનો 'શિવરંજની'નો આ પ્રયોગને ઠીક ઠાક સફળતા મળી.

મૂળ શાસ્ત્રીય સંગીતનાં અભ્યાસુ અને તેમાં ય ડૉકટરેટ કરનારાં ડૉ. મિતાલી બહેને પહેલી જ ગઝલ 'દર્દ સે મેરા દામન ભરદે યા અલ્લાહ, ફિર ચાહે દિવાના કરદે યા અલ્લાહ....' પ્રસ્તુત કરી તેમના કંઠની મીઠાશ, રેઈન્જ, શાસ્ત્રીય સંગીતના જ્ઞાન, અને શબ્દોના ભાવ-ઊંડાણને શ્રોતાઓ સુધી અસરકારક રીતે પહોંચાડવાની તાકાતનો પરિચય કરાવી દીધો અને કોમ્પીઅર બહેન પરિશિ વર્માએ કહ્યું એમ કાર્યક્રમની પહેલી જ પ્રસ્તુત સામે એક સરસ 'માહોલ' બનાવી દીધો. એ પછીની આશા ભોંસલેના કંઠે ગવાયેલી બીજી ગઝલ 'કરું યાદ મગર કિષ તરહ ભૂલાઉં ઉસે, ગઝલ બહાના કરું ઓર ગુનગુનાઉ ઉસે....' પણ શ્રોતાઓની ભારે દાદ મેળવી હતી.

તો તેજશ ધોળકીયાએ પણ સાથે સૂર-સ્વર પરની પકડ, શબ્દોને રમાડવાની સૂઝ તથા ગઝલના પ્રારંભે તથા વચ્ચે વચ્ચે શુંદર સારંગીના સૂરે સૌને ડોલાવી દીધા.

તેજશભાઈએ એ પછી રજૂ કરેલ ગુલામ અલીની ગઝલો 'હંગામા હૈ કયું બરબા, થોડી સી જો પી લી હૈ, ડાકા તો નહીં ડાલા, ચોરી તો નહીં કિ હૈ... હંગામા હૈ કયું બરપા...', 'યે દિલ, યે પાગલ દિલ મેરા, ક્યોં બુઝ ગયા આવારગી...' તથા 'હમકો કિસ કે ગમને મારા યે કહાની ફિર સહી, કિસને તોડા દિલ હમારા યે કહાની ફિર સહી....' શ્રોતાઓએ સાથે સાથે ગાઈ - ગુનગુનાઈને માણી હતી અને દાદ આપી હતી...

કાર્યક્રમ ગઝલો સાથે સૂફી રચનાઓનો પણ હતો... મિતાલીબહેને સૂફી કવ્વાલી ટાઈપની ખૂબ જાણીતી રચના 'છાપ તિલક સબ છીની રે, મોસે નૈના મિલાય કે...' તથા 'દમાદમ મસ્ત કલંદર...' અને સૂફી ગીત 'અલી મોરે સંગના દરશ દિખા.... ઈશ્ક મેં તેરે જોગન બન ગઈ... દિલ મેં ડાલે છમ છમ પાયલીયા...' પેશ કરી તેમની હાઈ રેઈન્જનો તેમ જ અલગ-અલગ પ્રકારની રચનાઓ સરળતાને સાહજિકતાથી ગાઈ લેવાની કુશળતા થકી ભારે પ્રશંસા મેળવી હતી... ને ત્યારબાદ તરત જ ફરીદા બાનુએ ગાયેલી ભારે લોકપ્રિય નજાકત ભરી દર્દીલી ને સુરીલી ગઝલ 'આજ જાને કી જીદ ના કરો, યૂં હી પહલુ મેં બૈઠે રહો.... હમ તો મર જાયેંગે, ઐસી જાને કી જીદ ના કરો...' પ્રસ્તુત કરી શ્રોતાઓનાં દિલ જીતી લીધા હતા.

ગુજરાતી ગઝલોના દૌરમાં મનહર ઉધાસે ગાયેલી ગઝલ 'નયન ને બંધ રાખીને જયારે મેં તમને જોયાં છે...' હોય કે 'જયારે જગતમાં પ્રણયની શરુઆત થઈ હશે ત્યારે પ્રથમ ગઝલની શરુઆત થઈ હશે...' ની સાથે એવરગ્રીન ગુજરાતી રોમેન્ટિક નંબર 'તારો આંખનો અફીણી...' ની થોડી કડીઓ તેજશ ધોળકીયાએ પ્રસ્તુત કરી હતી...

હિંદી ફિલ્મી ગઝલોની વાત હોય ત્યારે ભૂપેન્દ્ર - મિતાલીની જોડી વાળા ભૂપેન્દ્રજીને કેમ ભૂલાય ? ફિલ્મ 'એતબાર' માટે ભૂપેન્દ્ર આશાજીએ ગાયેલી ગઝલ 'કિસી નજર કો તેરા ઈંતેજાર આજ ભી હૈ' મિતાલીબેન નાગ અને તેજશ ધોળકીયાએ પેસ કરી... એ પછી 'યે દોલત ભી લે લો એ શોહરત ભી લે લો...', 'ઝૂકી ઝૂકી સી નજર બેકરાર હૈ કી નહીં, દબા દબા સા પ્યાર કહીં દિલ મેં હૈ કિ નહીં...' તથા 'સાથી રે ભૂલ ન જાના મેરા પ્યાર', 'હમારા કુછ સામાં તુમ્હારે પાસ હૈ...' 'રૂકે રૂકે સે કદમ રૂક કે બાર બાર ચલે...' અને 'હોશ વાલોં કો કયા ખબર બેખુદી કયા ચીજ હૈ...' જેવી ગઝલોની પસંદગી અને પ્રસ્તુતિએ એ 'ગઝલનૂમાં' રાત્રિને સાચા અર્થમાં 'મહેફિલે ખાસ' બનાવી એમાં ના નહીં...

કી બોર્ડ પર સંગીત સંચાલક મયુરભાઈ તબલા ઉપર મનિષ રાવલ, સારંગી ઉપર રહેમતખાં સાહેબે અને ઢોલક ઉપર ભાઈ કંસારાએ સુંદર સંગત કરી હતી. એમાંય એક તબક્કે સારંગી અને તબલાંની જુગલબંધી બંને વાદ્યકારોની કુશળતા-નિપુર્ણતા, જબરજસ્ત રિયાઝનાં દર્શન કરાવી ગઈ, જેની સૌએ તાળીઓનાં ભારે ગડગડાટથી વધાવી લીધી હતી.

ડૉ. મિતાલી નાગ તથા તેજશ ધોળકીયાએ તેમના કેળવાયેલા મધુર કંઠ, ગાયનશૈલી થકી 'નવા પણ નિવડેલા' નો પૂરો અહેસાસ કરાવ્યો... જો કે હજી થોડી વધુ તૈયારી અને સજ્જતા સાથે, વધુ ચુનંદી ગઝલો તથા વધુ સારી સૂફી રચનાઓ લઈને આવ્યાં હોત તો કાર્યક્રમમાં ઓર મજા પડત...

'મહેફિલે ખાસ' ના પ્રયોગ માટે શિવરંજનીના પ્રમુખ વાગ્મિનભાઈ બૂચ તથા સમગ્ર ટીમ શિવરંજનીનીને તેમજ ડૉ. મિતાલી નાગ માટે સૂચન કરનાર આશાબહેન સરવૈયાને પણ